Letter No: SJED/0126/03/2024 Dt: 06-03-2024

સને ૨૦૨૪-૨૫ના વર્ષના અંદાજપત્રમાં વિભાગની શાખાઓ તેમજ વિભાગ હસ્તકના આયોગ/કમિશ્નરશ્રીની કચેરીઓને સંબંધિત ચાલુ બાબતોને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃ **SJED/CIE/e-file/17/2023/3429/B Section**

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૬/૦૩/૨૦૨૪.

વંચાણે લીધો:

(૧) નાણાં વિભાગનો તા.૦૮/૦૨/૨૦૨૪નો પરિપત્ર ક્રમાંક: ખરચ/૧૦૨૦૨૨/૭૩/ઝ-૧

**-: ઠ રા વ :-**

નાણા વિભાગના ઉપર દર્શાવેલ સંદર્ભ હેઠળના પરિપત્રથી સને ૨૦૨૪-૨૫ના વર્ષના અંદાજપત્રમાં સમાવેશ થયેલ હોય તેવી ચાલુ બાબતો/યોજનાઓની વહીવટી મંજૂરી મેળવવા અંગેની સુચનાઓ આપવામાં આવેલી છે.

આ વિભાગની શાખાઓ તેમજ વિભાગ હસ્તકના આયોગ/કમિશ્નરશ્રીની કચેરીઓને સંબંધિત ચાલુ બાબતની જોગવાઇઓ કે જેનો સમાવેશ સને ૨૦૨૪-૨૫ના વર્ષના અંદાજપત્ર પ્રકાશનમાં થયેલ છે તેવી રૂા.૧૧.૩૯ કરોડની યોજનાઓને, આ સાથે સામેલ **Statement** મુજબ, નીચે દર્શાવેલ શરતોને આધિન, વહિવટી મંજૂરી આપવામાં આવે છે.

શ ર તો

(૧) આ યોજનાનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૪થી કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પદ્ધતિ મુજબની ખરીદી માટેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના-વાંધા પ્રમાણપત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતોવખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવત્તા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આઈ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૧) Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજૂ કરવાનું રહેશે.

(૧૨) સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

(૧૩) C.M. Dashboard સાથે યોજના Link કરવાની રહેશે.

(૧૪) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૫) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૬) પ્રવર્તમાન યોજનાઓના નોર્મ્સ અને સહાયની રકમોમાં જે ફેરફાર કરવાનો થતો હોય તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૨૯/૦૨/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

eSign
Signed by: MAHESH BALDEVBHAI PATEL
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 06-Mar-2024 (04:26 PM)

**( મહેશ બી. પટેલ)**

**નાયબ સચિવ(બજેટ)**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.**

બિડાણ:- **Statement**

**નકલ રવાના:**

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, (સા. ન્યા અને અ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત/નાયબ સચિવશ્રી (અ.જા.ક./વિ.જા.ક./સ.સુ./મહેકમ/રોકડ/કોમ્પ્યુટર), સા.ન્યા.અને અ.વિ; સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર.
- અશકતતા આયુકતશ્રી, ગાંધીનગર.
- સચિવશ્રી, અન્ય પછાતવર્ગોનું પંચ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગર..
- ઉપ સચિવશ્રી, (રોકડ) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે શાખાઓ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર, (વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ).
- સિલેક્ટ ફાઈલ

Letter No: SJED/0124/03/2024 Dt: 06-03-2024

**STATEMENT**

**LIST OF CONTINUOUS / ONGOING SCHEMES 2024-25**

**Social Justice and Empowernment Department**

(Rs.in Crore)

| Sr.No | Demand No. | Major Head | Sub Major Head | Minor Head | Sub Head | Scheme No | Name of the scheme | Provision 2023-24 | Continue 2024-25 | Budget Book page No |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **Social Justice and Empowernment Department** | | | | | | | | | | |
| 1 | 91 | 2251 | 00 | 800 | 01 | Director (DCW&SD) | Information and Technology | 2.50 | 0.50 | 69 (Budget Book 24-I) |
| 2 | 91 | 4225 | 00 | 800 | 01 | SJED | Information Technology | 0.00 | 0.46 | 71 (Budget Book 24-I) |
| 3 | 92 | 4225 | 03 | 800 | 01 | Director DCW | Information Technology | 0.00 | 1.40 | 75 (Budget Book 24-I) |
| 4 | 92 | 4235 | 02 | 800 | 01 | Director SD | Information Technology | 0.00 | 0.78 | 81 (Budget Book 24-I) |
| 5 | 95 | 2251 | 00 | 793 | 01 | - | Special Central Assistance for Monitoring of Schedule Caste Sub-Plan | 0.65 | 0.61 | 137 (Budget Book 24-II) |
| 6 | 95 | 2251 | 00 | 793 | 99 | - | Pay and Allowance Special Central Assistanc for Monitoring of Scheduled Castes Sub-Plan | 0.56 | 0.61 | 138 (Budget Book 24-II) |
| 7 | 95 | 2251 | 00 | 800 | 01 | SCW-25 | Strenghthning of Administrative Mechenism at all level | 1.10 | 0.54 | 138 (Budget Book 24-II) |
| 8 | 95 | 4225 | 01 | 800 | 02 | Director SCW | Information Technology | 0.00 | 0.50 | 266 (Budget Book 24-II) |
| | | | | | | | **TOTAL** | **4.81** | **5.40** | |
| **Gujarat State Commission for Unreserved Classes** | | | | | | | | | | |
| 9 | 92 | 2225 | 80 | 001 | 01 | **GEN** | Gujarat State Commission for Unreserved Classes | 0.00 | 0.38 | 39 (Budget Book 24-I) |
| | | | | | | | **TOTAL** | **0.00** | **0.38** | - |
| **Commission for Socially and Educatonally Backward Classes** | | | | | | | | | | |
| 10 | 92 | 2225 | 03 | 800 | 02 | OBC-17 | Commission for Socially and Educatonally Backward Classes | 2.76 | 3.26 | 31 (Budget Book 24-I) |
| | | | | | | | **TOTAL** | **2.76** | **3.26** | - |
| **Commissionarate of Disability** | | | | | | | | | | |
| 11 | 92 | 2235 | 02 | 101 | 07 | SSW-06 | Commissionarate of Disability | 1.09 | 1.25 | 52 (Budget Book 24-I) |
| | | | | | | | **TOTAL** | **1.09** | **1.25** | - |
| **Gujarat State Commission for Protection of Child Rights** | | | | | | | | | | |
| 12 | 92 | 2235 | 02 | 102 | 07 | SSW-03 | Gujarat State Commission for Protection of Child Rights | 2.20 | 1.10 | 55 (Budget Book 24-I) |
| | | | | | | | **TOTAL** | **2.20** | **1.10** | - |
| | | | | | | | **GRAND TOTAL** | **10.86** | **11.39** | - |

eSign
Signed by: MAHESH BALDEVBHAI PATEL
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 06-Mar-2024 (04:37 PM)

File No: SJED/CIE/e-file/17/2023/3429/B Section

Approved By: Additional Chief Secretary,Secretary Office,SJED

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*